

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*બાપા નો બગીચો સમજી લટાર મારી જાય છે!*
*વાતો કરી - કરાવી ચીના કટાર મારી જાય છે!*
*ટટાર રહી શકતા નથી આપણે છાતી કાઢી -*
*એ સુરક્ષા ડંફાસોને ફટકાર મારી જાય છે!*
*(સાત કિ.મી. અંદર ઘૂસી આવ્યા !!)*

### હાઈકુ

*સંઘે બદલ્યો,*
*વર્તમાન વર્તીને -*
*આઉટ 'લૂક'*

*સત્તાની સાથે,*
*પલ્ટે વિશ્વાસપાત્રો -*
*ફાઈલો ગૂમ!!*

### ચિંતન

**યથા ગજપતિઃ શ્રાન્તઃ છાયાર્થી વૃક્ષમાશ્રિતઃ ।**
**વિશ્રામ્ય ચ દ્રુમં હન્તિ તથા નીચઃ સ્વમાશ્રયમ્ ॥**

નગુણા અને કૃતઘ્ની લોકો માટેનો આ શ્લોક નાના દૃષ્ટાંત દ્વારા ઘણું ઘણું કહી જાય છે :

'જેમ થાકી ગયેલો અને છાંયડાની ઈચ્છાવાળો હાથી - તડકામાં થાક્યો પાક્યો કોઈ લીલાછમ્મ વૃક્ષ નીચે ઊભો રહી, ત્યાં વિશ્રામ કરી લે છે અને થાક ઉતર્યો કે તરત જ એ જ વૃક્ષના ડાળી-ડાળખાં ઉખેડી વૃક્ષનો નાશ જ કરે છે.'

વર્તમાનપત્રોમાં અવારનવાર એવા કિસ્સા આવે છે કે કોઈ વૃદ્ધ કે વૃદ્ધાનો વિશ્વાસ સંપાદન કરી કોઈ રામો કે રામી એમની દેખભાળ કરવા એના ઘરમાં જ આશ્રય મેળવી તેમની સેવા ચાકરી કરે છે પોતાનું પણ ગુજરાન આરામથી ચલાવે છે ઘરની મિલ્કતની માલમત્તાની સંપૂર્ણ માહિતી મળ્યા પછી એવા આશ્રય સ્થાનનું જ ગળું દબાવી-ખૂન કરી લૂંટીને ચાલ્યા જાય છે.

સમાજમાં આશ્રિતે વિશ્વાસઘાત કર્યો હોય એવા અનેક દૃષ્ટાંત મળે છે.

### સુવિચાર

- જે પ્રયાસ નથી કરતાં એને જ માત્ર નિષ્ફળ થવામાંથી છૂટ મળે છે - **ડો. વિક્રમ સારાભાઈ**
- દરેક વ્યક્તિ પોતાની ભૂલોને અનુભવ તરીકે ઓળખાવે છે - **ઓસ્કાર વાઈલ્ડ**
- જો હું મારા ચરિત્ર્યની સંભાળ રાખીશ તો
  મારી પ્રતિષ્ઠા એની પોતાની સંભાળ રાખશે - **વિલિયમ હકસલે**
- સુધારો અંદરથી આવવો જોઈએ, બહારથી નહીં,
  સદ્ગુણ માટે તમે કાયદા ના ઘડી શકો - **પ્લુટાર્ક**
- આપણા ઉશ્કેરાટનો પ્રત્યેક ઘા અંતે તો આપણને જ ઘાયલ કરે છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- વહેમ એ નબળા મનનો ધર્મ છે - **બર્ક**
- **આજનું ઔષધ :** બીલીના ફળને બાળીને બનાવેલી ભસ્મ મધ સાથે લેવાથી ઝાડા-મરડામાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આસરા)

### બોધકથા

જીવનમાં સુખ-દુઃખ, તડકો-છાંયો, સાહ્યબી-ગરીબી આવ્યા જ કરે છે, વધી પરિસ્થિતિમાં 'સંયમ' સાચવી, પરિસ્થિતિ પ્રમાણે રહેતાં શીખવું જોઈએ.

એક મોટા શેઠ-સટ્ટામાં બધું ગુમાવી બેઠા. હવેલી વેંચાઈ-ખાવા-પીવાના સાંસા થયા. શેઠને ખૂબ ઘીમાં ફીણેલી ખીચડી ખૂબ ભાવતી...

એકવાર સાંજે ખીચડી પીરસાઈ. ઘી વગરની હતી. શેઠ ગુસ્સે થયા. ઘી કેમ નથી? પત્નીએ જવાબ ન આપ્યો. શેઠ ગુસ્સામાં ગમે તેમ બોલવા લાગ્યા.

પત્ની બોલી, હવે ઘી લાવવાની ત્રેવડ નથી ને ઘી ખાવા આટલા ધજાગરા કેમ કરો છો?

શેઠે સ્ત્રીને તમાચો માર્યો, પત્નીએ પણ વેલણ માર્યું. ઢીમચું થઈ ગયું, શેઠ ઢીમચું દબાવતા ઓટલે બેઠા. પડોશીએ પૂછ્યું, શેઠે મોટું ઢીમચું બતાવતાં કહ્યું, દાદર પરથી પડી ગયો!

પડોશી માજી કહ, ચોખ્ખું ઘી ઢીમચાં પર ઘસી નાખો. જરાવારમાં બેસી જશે!

શેઠ મનમાં જ બોલ્યા : માજી! ઘી હોત તો તો આ ઢીમચું થાત જ નહીં ને!!

# ઓવૈસી અને ગુલામનબી ભાજપને મજબૂત કરે છે!

## તંત્રીસ્થાનેથી...

જયોતિષશાસ્ત્રમાં એક યોગનું નામ છે : 'વિપરીત રાજયોગ.' એમાં સીધો રાજયોગ નથી હોતો, પણ આડકતરા સંબંધોથી ગ્રહો જાતકને રાજાતુલ્ય લાભ ઉપલબ્ધ કરાવી દે છે. વાસ્તવિક જીવનમાં ઘણી વાર પ્રતિકૂળ લાગતા સંજોગો ઊજળા ભવિષ્યનું નિર્માણ કરતા હોય એવું લાગે છે. ગાંધીજીને દક્ષિણ આફ્રિકાના રેલવે સ્ટેશન પર ધક્કો મારીને ફર્સ્ટ કલાસના ડબ્બામાંથી ઉતારી પાડ્યા તે ક્ષણ એમના જીવનને નવો વળાંક આપનારી નીવડી હતી. એ જ ક્ષણે સત્યાગ્રહનો જન્મ થયો હતો જે કાળક્રમે ભારતની આઝાદીનું કારણ બની રહ્યો. ભારતીય જનતા પાર્ટી માટે પણ કોંગ્રેસના ગુલામનબી આઝાદ જેવા નેતાઓ અને હૈદ્રાબાદના મુસ્લિમ નેતા ઓવૈસી લાંબા ગાળે આશીર્વાદરુપ નીવડે એવી સંભાવના નકારી શકાય નહીં. ઓવૈસી એમનાં વિવાદાસ્પદ નિવેદનો માટે જાણીતા છે. એમના નાનાભાઈ પણ એમના જ પગલે ચાલી રહ્યા છે અને છાશવારે કોઈ ને કોઈ વિવાદ સર્જતા રહે છે. ગુલામનબી આઝાદે કદાચ આરએસએસની સીધેસીધી સરખામણી આઈએસઆઈએસ સાથે ન કરી હોય તો પણ બેઉને એક સાથે મૂકીને એમને કારણ વગરની મુસીબત તો વહોરી જ છે. આરએસએસ દેશના બહુમતી સમાજનું રખોપું કરવા માટે રચાયેલી સંસ્થા છે. જેમ નાના પાયા પર જ્ઞાતિ સંસ્થાઓ હોય છે તેમ આ હિંદુ ધર્મની વિશ્વવ્યાપી સંસ્થા છે. જેમ નાના પાયા પર જ્ઞાતિ સંસ્થાઓ હોય છે તેમ આ હિંદુ ધર્મની વિશ્વવ્યાપી સંસ્થા છે. એવી જ સંસ્થાઓ મુસ્લિમો અને ખ્રિસ્તીઓ પણ ચલાવે છે. ચર્ચ આખરે શું છે? મુસ્લિમ લીગ કોંગ્રેસને હિંદુઓની રાજકીય પાર્ટી માનતું હતું. મહાત્મા ગાંધીને મહંમદ અલીઝીણા હિંદુ નેતા તરીકે જ સ્વીકારતા હતા, પછી ગાંધીજીની ઉદારતા ભલેને એમની હિંદુ દ્વારા જ થયેલ હત્યા સુધી દોરી ગઈ હોય. ઓવૈસી કે ગુલામનબી જયાં સુધી આરએસએસનો વિરોધ કરતા રહેશે ત્યાં સુધી ભારતીય જનતા પાર્ટી વધુ ને વધુ મજબૂત જ થતી રહેશે, કારણ કે ઉદાર અભિગમ ધરાવતી દેશની હિંદુ બહુમતિને કોંગ્રેસ લઘુમતીઓનું તુષ્ટીકરણ જ કરતી રહી હોવાની ગ્રંથિ બંધાઈ ચૂકી છે. રાષ્ટ્રવાદ અને દેશભક્તિ 'નેશનાલિઝમ' અને 'પેટ્રિયોટિઝમ'ની વ્યાખ્યાઓમાં પડવાની આ દેશના સીધાસાદા મતદારા પાસે નવરાશ નથી. પરંતુ મતબેંકોના રાજકારણની શરુઆત કોંગ્રેસના કહેવાતા બિનસાંપ્રદાયિક અભિગમથી જ થઈ છે, તે સૌ જાણે છે. હવે જયારે ઓવૈસી બેફામ શબ્દોમાં ગૌમાંસ ખાવાના એમના અધિકારની દુહાઈ દેતા ફરતા હોય, ભાગવત એમના ગળા પર છરો મૂકીને 'ભારત માતા કી જય' બોલાવવા માગે તો પણ એ કયારેય નહીં બોલે - એવું નિવેદન કરીને ભારતને માતા નહીં ગણતા હોવાનું પ્રતિપાદિત કરતા રહેતા હોય ત્યારે સ્વાભાવિક છે કે બહુમતિ વર્ગમાં એમના પ્રત્યે રહ્યું સહ્યું માન પણ ખલાસ જ થઈ જાય. હૈદ્રાબાદના મુસ્લિમોનું જ પ્રતિનિધિત્વ કરતા ઓવૈસી હવે દેશના મુસલમાનોના નેતા બનવા નીકળી પડ્યા છે. એ ઉત્તરપ્રદેશ અને બિહારમાં એમની પાર્ટીના ઉમેદવારો મૂકવા લાગ્યા છે. આમ કહેવાતી બિનસાંપ્રદાયિક પાર્ટીઓની મુસ્લિમ વૉટબેંકમાં પણ તેઓ તિરાડ ઊભી કરી સરવાળે તો હિંદુત્વના મુદ્દે ભાજપને જ વધુ મજબૂત કરી રહ્યા છે. બનવાજોગ કે આ ગંદા રાજકારણની કોઈ હાઈલેવલની સાંઠગાંઠ હોય! ઓવૈસીને સંનિષ્ઠ સાંસદ તરીકે અપાતો 'સાંસદરત્ન' એવોર્ડ મળી ચૂકેલ છે. હવે એ જ ઓવૈસી બંધારણમાં કયાંક ભારત માતા કી જય બોલવાનું નહીં લખેલું હોવાનો હવાલો આપી પોતે એ સૂત્ર ઉચ્ચારવા કરતાં મરવાનું પસંદ કરશે, એવી વાત કરતા હોય મુસલમાનોએ જ આવા નેતાઓનો બહિષ્કાર કરવાની જરુર છે, એમ નથી લાગતું? એમને લીધે સીધાસાધા મુસ્લિમ નાગરિકો કેટલી મુસીબતોમાં મુકાઈ શકે, એની કલ્પના કરી શકાશે? ગોધરામાં ટ્રેન બાળનારા મુઠ્ઠી ભર મુસલમાનોને કારણે ગુજરાતના હજારો નિર્દોષ મુસલમાનોને સહન કરવું પડ્યું હતું, તે યાદ રહેવું જોઈએ.

# સંબંધમાં જતું કરવાની ભાવના



## ગુલમોર

દિનેશ દેસાઈ

જર્મન બ્યુટી ક્વીન કેરોલિન બોહસ (જન્મ-૧૯૯૦) મેડિકલ ફિલ્ડ સાથે સંકળાયેલી છે. કેરોલિન કહે છે કે "પ્રેમની લાગણી એ કુદરતી આવેગ છે. એમાં તમારી લાગણી અને કાળજી પણ ભળે છે. પરંતુ જ્યારે તમને તમારો સાથી સમજી શકતો નથી ત્યારે સંબંધમાં ન ઉકેલી શકાય અને જોઈ પણ ન શકાય એવી ગાંઠ પડી જતી હોય છે."

કેરોલિને કબુલ કર્યું હતું કે તેણે સ્કુલલાઈફમાં જ પોતાનું કૌમાર્ય ગુમાવી દીધું હતું. પરંતુ એ કોઈ પ્રેમસંબંધ નહોતો. તેણે કહ્યું છે કે "એ તો જસ્ટ ફોર ફન એક રમત હતી. બોયફ્રેન્ડઝ હોવા અને રિલેશનશીપ હોવી એ બે જુદી જુદી બાબતો છે. મારો ફર્સ્ટ બ્લાસ્ટ તો માર્કો રોસ જ હતો."

કેરોલિન પ્રોફેશનલ જર્મન ફૂટબોલર માર્કો રોસ (જન્મ-૧૯૮૯) સાથે ચાર વર્ષ રિલેશનશીપમાં રહી. ચાર વર્ષના ડેટિંગ બાદ કેરોલિન અને માર્કો વચ્ચે બ્રેક-અપ થયો. બેઉ વચ્ચે સામસામા આક્ષેપો કે બેઉ અન્ય સાથી સાથે ડેટિંગ કરે છે. જો કે કેરોલિનના તો અન્ય સાથેના ફોટોગ્રાફ્સ પણ બહાર આવી ગયા હતા.

હંમેશા પ્રેમમાં લેટ ગો - જતું કરવાની ભાવના જ સંબંધને વધુ મજબુત બનાવે છે. લેટ ગો અથવા ગિવ ઈટ અપ એટલે પરમેનન્ટ રિલેશનશીપનો ઓક્સિજન. સંબંધ ક્યારેય કુદરતી રીતે મૃત્યુ પામતો નથી. સંબંધ મરી જવા એટલે કે ખતમ થઈ જવા પાછળ મુખ્ય પાંચ કારણ જવાબદાર હોય છે. (૧) એટિટ્યુડ એટલે કે વલણ-દ્રષ્ટિકોણ-મનોવૃત્તિ હકારાત્મક

**લેટ ગો - જતું કરવાની ભાવના જ સંબંધને વધુ મજબુત બનાવે છે, લેટ ગો અથવા ગિવ ઈટ અપ એટલે પરમેનન્ટ રિલેશનશીપની માસ્ટર-કી**

હોવા જોઈએ, (૨) બિહેવિયર પણ મહત્વનું છે. આપણું વર્તન કોઈ માટે અણગમો પેદા કરે એવું તો ન જ હોવું જોઈએ, (૩) ઈગો સંબંધ વચ્ચે ન ઉભો રહેવો જોઈએ. (૪) હિડન બેનિફિટ્સ એટલે કે સંબંધ રાખવા પાછળ કોઈ પ્રકારના લાભ મેળવવાનું ગણિત રાખવું જોઈએ નહીં, (૫) ઈગ્નોરન્સ એટલે કે જ્યારે સાથીની અવગણના કરવામાં આવે એનાથી વધુ ખરાબ કોઈ પરિસ્થિતિ હોઈ શકે નહીં.

સંબંધમાં જ્યારે જુઠું બોલવાનું શરુ થાય ત્યારે સમજી જવું જોઈએ કે હવે સંબંધ કોમામાં છે અથવા આઈ.સી.યુ.માં છે. સારી વ્યક્તિ સાથેનો સંબંધ અમૂલ્ય હોય છે. આવી વ્યક્તિ એક પારા સમાન હોય છે. જો તમે ન સાચવી શકો તો એ તમારા હાથમાંથી પારાની જેમ સરકી જશે. તમારી નજર સામે જ પારો સરકી જાય અને તમે એવા સંબંધને પછી બચાવી પણ ન શકો. જમીન ઉપર પડેલા પારાને ઉઠાવી પણ ન શકાય અને એને પાછા જોડી પણ ન શકાય. સંબંધનો સ્વભાવ પણ જાણે પારા જેવો ચંચળ છે. સંબંધ પણ ક્યારે હાથમાંથી સરકી જાય એ કોઈ કહી શકતું નથી.

સંબંધ નવરાશના નહીં પરંતુ લાગણીના હોવા જોઈએ. સંબંધ જાળવવા માટે જ્યારે આપણી પાસે સમય ન હોય ત્યારે એ વાત પણ સમજવી જોઈએ કે જ્યારે આપણી પાસે સમય હશે ત્યારે સંબંધ જ નહીં બચ્યો હોય. સાચો પ્રેમ એટલે હોટલમાં ડીનર, લેટ નાઈટ ડાન્સ પાટી કે મોજમજા જ નહીં, પરંતુ (૧) એકમેકની કાળજી (૨) બાંધછોડ, (૩) આદર અને (૪) વિશ્વાસ છે.

જ્યારે જીવનમાં કોઈ એવી વ્યક્તિ મળી જાય કે જે તમારી અપૂર્ણતા, તમારી ભુલો અને તમારી તમામ મર્યાદાઓ જાણતી હોવા છતા પણ એમ જ માને કે તમે જ દુનિયાની સૌથી સર્વશ્રેષ્ઠ વ્યક્તિ છો, એ સ્થિતિ જીવનની સૌથી ઉત્કૃષ્ટ સ્થિતિ ગણાય. સંબંધની મધુરતા તો એમાં જ છે.

**સ્ટોપર :**

**"મળવું હો તો આનાકાની નહી કરવાની,**
**આમ મહોબત છાનીમાની નહી કરવાની."**

**- ખલિલ ધનતેજવી**

# અહીં આવતા ભક્તો જે કંઈ મુકી જાય છે તેનાથી ચલાવું છું. ક્યારેક કોઈ ખાવાનું આપી જાય છે, ઘણી વખત એવું પણ બને કે ત્રણ ત્રણ દિવસ સુધી કંઈ ખાવા ન મળે - કહેતા એ હસી પડ્યો



## નવાં કલેવર

નટવર હેડાઉ

રોજ સવારે મોર્નિંગ વૉકના રસ્તે આવતા હનુમાનજીના મંદિરને હું ખુબ ઉત્સુકતાથી જોતો. આ મંદિર અમારી સોસાયટીની બહાર એકાંતમાં છે. અહીં મંગળવાર અને શનિવારે અમુક લોકો દર્શન અને પૂજા કરતાં જોઈ શકાય છે. બાકી સૂમસામ રહે છે. સુર્યોદય થતાં જ દૂર સુધી ભ્રમણ કરવું એ મારો નિત્યક્રમ હતો.અને આ મંદિર માટે રસ્તે હતું. મંદિરમાં રહેલો વૃદ્ધ પુજારી રોજ મને કંઈને કંઈ કામ કરતો જોવા મળતો. કયારેક મંદિરની સાફસફાઈ તો કયારેક મુર્તિને સાફ કરતાં હું જોતો. ઘણી વખત મંદિરના ઓટલા નીચે ખુલ્લામાં ખાટલો નાંખી તેને સુતેલો જોઈ હું તેના વિશે વિચારતો મને તેના અંગે કંઈક દુઃખ અને ચિંતા પણ થતી.

હું વિચારતો કે કયારેક અડધી રાતે આ વૃદ્ધ પુજારીને કંઈ થઈ જાય તો? આ સૂનકાર જગ્યાએ કોઈ ગમે તેટલી બુમો પાડે તો પણ સાંભળવાવાળુ કોઈ ન હોય. આના કુટુંબીજનો કેવા સ્વાર્થી અને સંવેદનવિહોણાં કે તેમને આ વૃદ્ધને પ્રકૃતિના નિર્મમ હાથોમાં નિરાધાર સોંપી દીધો છે. હું વિચારતો રહેતો અને રોજ મારું ભ્રમણ આવા ચિંતન સાથે પુરું થતું. મને એ વ્યક્તિની એક પ્રકારની સહાનુભૂતિ જરુરીથી થઈ ગઈ હતી. હમણાં ઘણાં દિવસથી તે મને 'રામ રામ' કહેતો થઈ ગયો હતો. રવિવારનો દિવસ હતો. હું જરા વહેલાં ફરવા નીકળેલો. ઘેર પહોંચવાની ઉતાવળ નહોતી. તેથી હું મંદિરના ઓટલે બેસી ઠંડી હવા ખાવા લાગ્યો. વૃદ્ધ મારી પાસે આવીને બેસી ગયો. વાતચીતમાં તેણે તેના જીવનની બધી વાતો કરવા માંડી. કુટુંબીજનોથી હડધૂત થયેલ તે કંઈ રીતે પોતાના જીવનથી નિરાશ છે. તેની જાણ હવે મને થઈ હતી. તેના બંને છોકરાઓએ મારઝૂડ કરી ઘરમાંથી કાઢી મૂકેલ હતો. તેની પત્નીના મૃત્યુથી ઉદાસ થઈ સગાસંબંધીઓ પાસે મદદ માટે ભટકેલો પણ બધેથી તેને નિરાશા જ સાંપડી હતી, તેવામાં તે અહીં રહેતા સાધુના સંપર્કમાં આવ્યો. હવે મંદિરની સેવાપૂજામાં પોતાનું જીવન વ્યતિત કરે છે.

'તમે ખાવા પીવાનું શું કરી છો?' મારો આ પ્રશ્ન સાંભળી તેની આંખમાં જળજળીયા આવી ગયા.

અહીં આવતા ભક્તો જે કંઈ મુકી જાય છે તેનાથી ચલાવું છું. કયારેક કોઈ ખાવાનું આપી જાય છે. ઘણી વખત એવું પણ બને કે ત્રણ ત્રણ દિવસ સુધી કંઈ ખાવા ન મળે - કહેતા એ હસી પડ્યો.

હું દ્રવિત થઈ ગયો. સવાર સવારમાં તે વખતે તો તેને આપવા માટે મારી પાસે કંઈ નહોતું. પણ તે પછી હું રોજ સવારે કંઈ ને કંઈ બહાને હું તેની પાસે જતો અને કંઈ ને કંઈ આપતો. કયારેક પૈસા, કયારેક જમવાનું તો કયારેક કપડાં. હું તેને હરહંમેશ આપવા લાગ્યો. હવે અમારા વચ્ચે ખુબ નીકટતા આવી ગઈ હતી. તે પણ તેના સુખદુઃખની બધી વાતો મને કરવા લાગ્યો. તેની વાતોથી મને તેના વિશે જાણવા મળ્યું. તેના વિચારો અને ચિંતન ઉત્કૃષ્ટ હતા. સંસારથી વિરક્ત, ભોગથી દૂર, લસણ, ડુંગળી, માંસ મદિરા કે અન્ય સમસ્ત વ્યસનોથી તે બિલકુલ મુકત હતો. તે મારો પ્રિયપાત્ર બની ગયો હતો. સમય વિતવા લાગ્યો. મારું ભ્રમણ નિયમિત ચાલુ હતું. તે પણ તેનું જીવન નિર્વિઘ્ને વિતાવતો હતો.

એક સાંજે હું કાર લઈને પાછો ફરી રહ્યો હતો. ચોમાસાની ઋતુ હતી. ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. ઘણા દિવસથી તીખું તમતમતું કંઈ ખાધું નહોતું. તેથી હું એક લારી પાસેથી હોટલમાં ઘુસી ગયો. શહેરના પ્રમાણાં તે સારી હોટલ હતી. યુવક-યુવતીઓ માટે કાચની કેબિન વાળી આ મોટી લોકપ્રિય રેસ્ટોરંટ હતી. દર વખતની જેમ તેમાં સારી એવી ભીડ હતી. હું કાચની સામેની સીટ પર જઈને બેસી ગયો. વેઈટરને સાંભાર-ઢોસાનો ઓર્ડર આપી દીધો. મેં ખાવાનું શરુ કરેલું ત્યાં જ બહાર આમલેટની લારી પર પેલા મંદિરવાળા વૃદ્ધને જોઈ ચોંકી ગયો. કોઈ વાતે લારી વાળો તેની સથે બુમાબુમ કરી ઝઘડી રહ્યો હતો. પેલો વૃદ્ધ પણ જોરજોરથી બોલતો હતો, હું એ બંનેનો ઝઘડો જોઈ રહ્યો હતો. નાસ્તો પતાવી હું એ બારી તરફ ગયો ત્યાં સુધી પેલો પુજારી જતો રહ્યો હતો. હું, લારીવાળા પાસે જઈ ઊભો રહી ગયો. મને એ લારીવાળા પર ગુસ્સો આવતો હતો પર હું સંયમ રાખી ઊભો રહ્યો. મારી બાજુમાં મારા પાડોશી મનોજભાઈ ઊભા હતા. મને થયું કે એ જાય પછી આની વાત છે.

તે વખતે જ લારીવાળો મનોજભાઈને કહેતો હતો, 'જુઓ સાહેબ આ હાલત છે, આ કારણે જ લોકોનો પુજારીઓ પરથી વિશ્વાસ ઉઠી ગયો છે.'

'ખરી વાત છે. જો આ સાચું હોય તો પછી ધર્મ અને તેના ઠેકેદારો પર કોને ગર્વ થવાનો' મનોજભાી એ તેની હા માં હા મિલાવી.

**ખબર નહીં સાહેબ બહુ જીદ્દી છે, બધુ ખાય પીએ છે અને પાછો છુપાવવા માંગે છે, જો હવે હું આ વાત બધાંને કહેવા લાગુ તો આને મંદિરમાં કોણ રહેવા દેશે - લારીવાળાએ કહ્યું**

'એવું શું થયું?' હવે હું મારી જાતને રોકી શક્યો નહીં અને પુછી બેઠો.

'અરે! આ બાવો છે ને સાહેબ એ દર આઠ દસ દિવસે આવી ઝઘડો કરે છે. પહેલીવાર એ કે તે ઈંડાના પૈસા આપતો નથી. વળી હમણાંથી દારુની પોટલી લઈને આવે છે અને અહીં બેસી દારૂ પીવાની જીત કરે છે.'

'તે મંદિરમાં શું કામ નથી લઈ જતો.' મનોજભાઈને ગુસ્સો આવ્યો.

ખબર નહીં સાહેબ બહુ જીદ્દી છે. બધુ ખાય પીએ છે અને પાછો છુપાવવા માંગે છે. જો હવે હું આ વાત બધાંને કહેવા લાગુ તો આને મંદિરમાં કોણ રહેવા દેશે.' લારીવાળાએ કહ્યું.

'સાલ્લાને ભગાડવો પડે' મનોજભાઈ એ ગુસ્સામાં જવાબ આપ્યો. મનોજભાઈ તમારી વાત સાચી છે. આવા દુર્વ્યસની સાધુઓને તો રહેવા જ ન દેવાય. કહી હું મારી કાર તરફ ચાલી નીકળ્યો. લારીવાળા મને મનોજભાઈની વાતોથી મારું મન ક્ષુબ્ધ થઈ ગયું હતું. ચિંતનહીન પથ પર મારું ભ્રમણ હજુ ચાલું હતું. 'શું હવે કોઈ પ્રત્યે મને સહાનુભૂતિ થશે?' જેનો કોઈ ઉત્તર નથી તેવો પ્રશ્ન મારી સામે હતો.

# જાદૂ 'તેરી' નજર...!! સ્ત્રીને સહેલાઈથી દેખાતી વસ્તુ પુરૂષને કેમ નથી દેખાતી...!!



## Hello ફ્રેન્ડસ

સંજય થોરાત

'સીમા, મારો હાથ રૂમાલ કયાં છે?' નિકુંજે જરા ઊંચા અવાજમાં બુમ પાડી. સીમા અત્યારે કામની એકદમ ઉતાવળમાં હતી. હજી ધવલનો ડબ્બો પૅક કરવાનો હતો. નીસી માટે નાસ્તાની પ્લેટ તૈયાર કરવાની હતી. પોતાની પર્સ, મોબાઈલ, વૉચ, ટિફીન, પાણીની બોટલ બધું રેડી કરીને, ૭.૨૦નો બૅલ પડે એ પહેલાં સ્કૂલમાં એન્ટ્રી લેવાની હતી... અને છતાંય એણે જાત પર સંયમ રાખીને ઝડપથી કબાટ ખોલીને એનો હેન્કી કાઢી આપ્યો...

'અને, મારાં મોજા?' હવે સીમાના કપાળ પર કરચલી પડવા લાગી, તોય એણે સામેના શેલ્ફ માંથી મોજાંની ધોઈને વ્યવસ્થિત ગડી વાળેલી જોડ કાઢી આપી...

'બધું જ એની જગ્યાએ હોય છે, પણ આ નિકુંજને છેને કશું દેખાતું જ નથી, એને પોતાની ઘરમાં રહેલી વસ્તુઓ મળતી નથી, અને મન તરત જ દેખાય છે, 'ગોતવી' પડતી નથી.' સીમા કામની સાથોસાથ બડબડ કરતી હતી...

આવું કંઈ એકલી સીમા સાથે નથી બનતું, આ તો કહાની ઘર ઘર કી છે, ઘરમાં રહેલી સ્ત્રીને જે વસ્તુ ઝડપથી દેખાય છે, મળી જાય છે, એ બધું પુરુષને કેમ દેખાતું નહીં હોય? નજર સમક્ષ રહેલી વસ્તુ એને તરત ધ્યાને આવતી નથી એનું મુખ્ય કારણ છે સ્ત્રી અને પુરુષની નજર. પુરુષ કોઈ વસ્તુ જુએ અને એનું વર્ણન કરે અને સ્ત્રીઓ 'આંખો દેખા હાલ' કહે એમાં કાયમ ફરક હોય જ છે...

પુરુષ કરતાં સ્ત્રીની આંખો વધુ ધારદાર અને મારકણી હોય છે, એ એની આંખોમાંથી ભાવ પ્રગટ કરી શકે છે. જો જરા ધારીને જોશો તો ખ્યાલ આવશે કે સ્ત્રીની આંખમાં રહેલો સફેદ ભાગ પુરુષો કરતાં વધુ હોય છે, અને એના કારણે તેઓ આજુબાજુની વસ્તુઓ વધુ જોઈ શકે છે!!

આદિકાળમાં આદિમાનવો ભક્ષણ માટે શિકાર કરવા બહાર જતાં જયારે સ્ત્રી પોતાની ગુફાનું રક્ષણ અને પરિવારને પ્રાણી-પક્ષીથી બચાવવા સતત જાગૃત રહેતી, ધ્યાન રાખતી અને એની પાસે એ ચકોર દૃષ્ટિ હતી!

**અવતરવું, અવતરવું, જીવવું કે જોતરાવવું,**
**ક્ષણોના ગૌરવને ગાવું, કે કાયમ સમજાવવું!**
**એટલે સ્ત્રી હોવું?**
**વહેવું, વહેડાવવું, ઉછળવું કે અથડાવવું,**
**જાગવું કે જગાડવું, સહેલું કે પડકારવું!**
**એટલે સ્ત્રી હોવું?**

સ્ત્રીઓ પુરુષ સામે જોતી હશે? સાચું કહું તો પુરુષો જેટલું સ્ત્રી સામે જુએ છે એથીય વધુ સ્ત્રીઓ પુરુષો સામે જોતી હોય છે, ફક્ત એમની ફટાફટ ફરતી નજરને કારણે તેઓ પકડાતી નથી, જયારે પુરુષોને એક જ સ્ત્રીને ધારી ધારી જોવાની ટેવ હોય છે!

સ્ત્રીઓ કુદરતી રીતે રંગ પારખવામાં નિષ્ણાંત હોય છે. કલરમાં ખબર ન પડતી હોય એવી સ્ત્રીઓ ભાગ્યે જ જોવા મળે છે. એમની આંખોમાં 'એક્સ ક્રોમોઝોમ્સ' કલર પકડવાની સ્કિલ આપે છે. તેઓ કોઈ પણ વાતની છણાવટ અથવા વિસ્તારપૂર્વક કહેવાની જબરદસ્ત ફાવટ ધરાવે છે. (એમની) ફ્રેન્ડ કે મમ્મી સાથે ચાલતી લાંબી વાતો, બરાબરને?) તેઓ આખા દિવસની વાતો બિલકુલ ભૂલ્યા વગર ક્રમબદ્ધ રીતે કરી શકે છે!

આજની મોર્ડન નારી પણ કલરમાં માસ્ટર હોય છે એને લીલા કલરની વાત કરીએ તો એ તરત કહેશે, 'કયો લીલો કલર છે? પેરોટ ગ્રીન, બોટલ ગ્રીન, પિસ્તા ગ્રીન, ઓલિવ ગ્રીન કે પછી લીલ જેવો ગ્રીન? કે બુધના નંગ જેવો પાચુ ગ્રીન? પુરુષોને પુછો તો લીલો એટલે લીલો, એમાં શું અલગ!!'

સ્ત્રી સાથે કયારેક બ્લાઉઝ પીસ કે ફૉલ મૅચિંગ માટે ગયા છો? એ દુકાન જુઓ તોય સાલું નવાઈ લાગે, એક જ કલરના કેટલાય શેડના પાટીયા દેખાય, અને ભલુ હોય તો પાચું આમને તોય મૅચિંગ ના મળે... લાલ કલરમાં ટોમેટો રેડ, દાડમ રેડ, બ્લડ રેડ, ગુલામ રેડ... બાપ રે, એ સાંભળીએ ત્યારે જ ખબર પડે કે આટલાં બધાં શેડ્સ?



અચ્છા, સ્ત્રીઓની નજરની બીજી એક ખાસીયત, તેઓ ન જોયેલી ઘટનાનું પણ અફલાતૂન વર્ણન કરી શકે, એકાદા પ્રસંગે હાજર ન રહ્યાં હોય માત્ર એની બહેનપણીએ થોડી વાત કરી હોય એમાં તો આખી સ્ટોરી ક્રિએટ કરી નાંખે! નજરની આટલી બધી માસ્ટરી છતાં તેઓ ડ્રાઈવિંગ અને પાર્કિંગ આ બંનેમાં કાયમ લોચા મારી જાય છે, એ વાત અલગ!

પુરુષની નજર છે ને દુરબીન જેવી, શિકારી નજર. તેઓ એક ઑબ્જેક્ટ ટાર્ગેટ કરે અને એને મેળવે જ છુટકો, અર્જુને જેમ મત્સ્યવેધ કર્યો એમ જ, એની નજર ભેદક અને આરપાર ઉતરે એવી, એટલે બહેનો નથી કહેતા કે, 'હું એના પ્રથમ નજરમાં જ કાયલ થઈ ગઈ.' પુરુષની નજરને છે ને ટનેલ વ્હિઝન કહેવાય છે. પુરુષને એક ગાર્ડનમાં ફરતાં અડધો કિ.મી. દૂર ફરતી એકાદી સ્લીવલેસ છોકરી ક્લિઅર દેખાય છે, પણ બાજુમાં રહેલા ગુલાબના છોડ પરનું રંગબેરંગી પતંગીયું નથી દેખાતું!

અને એટલે જ પુરુષોને કબાટમાં નજર સમક્ષ રહેલી હાથ રૂમાલ, મોજા, ટાઈ, પાકિટ, રિમોટ, સ્પ્રે જેવી વસ્તુઓ જલદી નથી દેખાતી, પણ દૂરનો બમ્પ દેખાઈ જાય છે. પત્ની સાથે ફરવા ગયો હોય અને કોઈ મીની સ્કર્ટવાળી લલના દેખાય એટલે આ ભાઈ જોવામાં લાગી જાય અને પછી પત્નીની કલાક સુધીની કચકચ પણ સાંભળી લે!

દૂરનું જોવાની કલાને કારણે પુરુષો વધુ સારાં ડ્રાઈવર હોય છે. તેઓ ડ્રાઈવ કરતાં ગીતો ગાઈ શકે. બિસ્કીટ ખાઈ શકે, પાણી પી શકે, મોબાઈલ ઓપરેટ કરી શકે, જયારે સ્ત્રીઓને દૂરનું જોવામાં તકલીફ હોવાથી તેઓ માત્ર ડ્રાઈવ જ કરી જાણે!

પુરુષોને કલરમાં બહુ માથાકૂટ નથી હોતી. તેમને માત્ર લાલ-લીલો-વાદળી-કાળો-પીળો જેવાં મૂળભૂત કલર સાથે જ લેવાદેવા હોય છે. શેડ કાર્ડ સાથે બહુ માથાકૂટ નહી. પુરુષની એક ખાસિયત એ કોઈ પણ વસ્તુ જાતે જોયા વગર વિશ્વાસ કરતો નથી, એ માત્ર જોયેલી વાતનું જ વર્ણન કરી શકે, વધારીને વાત કરવું એને સ્ત્રી કરતાં ઓછું જ ફાવે...

એટલે હવે દરેક માતાો, બહેનો પુરુષને ઘરમાં રહેલી રોજબરોજની નજર સમક્ષ દેખાતી વસ્તુઓ મળે નહીં તો બહુ માથાકૂટ કરવી નહીં. એમનું ધ્યાન તો બરાબર જ હોય છે પણ તમારી જેવી 'જાદૂ તેરી નજર...' એમની પાસે નથી હોતી!

ચૂંટલો : રોજબરોજની નાની-નાની જરુરિયાતોમાં પુરુષોનું ધ્યાન રાખતી સ્ત્રીઓની અમુક ક્વૉલિટી બાય બોર્ન છે, પુરુષોએ તો માત્ર થોડું ધીરજથી, પ્રેમથી કામ લેવાનું છે, બધી વસ્તુઓ ફટાફટ ટાઈમથી તમારાં હાથમાં હાજર થઈ જશે, અલ્લાદીનના જાદુઈ ચિરાગની જેમ જ સ્તો!!